# "વિશેષ" બાળકો સાથે યુવાનોએ ઉજવી "હેપ્પી થર્ટી ફર્સ્ટ"



## કુડાસણમાં "સ્પાઈસી સ્ટ્રીટ" ખાતે આયોજિત "સ્કેરી નાઈટ" ડીજે પાર્ટીના ગ્રાઉન્ડમાં "હેપ્પી યુથ ક્લબ"ના યુવા સ્વયંસેવકોએ "વિશેષ એજ્યુકેશનસેન્ટર"નાં સ્પેશિયલ બાળકો સાથે નવા વર્ષને આવકાર્યું

ગાંધીનગર, તા. ૦૨

ગાંધીનગરમાં ચોતરફ ડાન્સ અને ડીજે પાર્ટી સાથે થર્ટી ફર્સ્ટની ઉજવણી કરી નગરજનોએ ઉલ્લાસપૂર્વક વર્ષ-૨૦૧૯ને આવકાર્યું હતું. આ સાથે શહેરમાં સેવાભાવી યુવાનોની સંસ્થા "હેપ્પી યુથ ક્લબ" દ્વારા કૂડાસણ ખાતેના વિશેષ એજયુકેશન સેન્ટરના માનસિક વિશિષ્ટ બાળકો સાથે ઉજવણીકરવામાં આવી હતી.

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સ્પાઈસી સ્ટ્રીટ ખાતે શિવ ઈવેન્ટ તથા બ્લેક પોઝિશનના સંયુક્ત ઉપક્રમે થર્ટી ફર્સ્ટની ઉજવણીના ભાગરૂપે તા. ૩૧મી ડિસેમ્બરે શહેરમાં સૌ પ્રથમવાર ડરાવનારી ભૂતાવળની થીમ આધારિત 'સ્કેરી નાઈટ' ડીજે પાર્ટીનું આયોજન કરવામાં આવ્યુહતું. આ ડીજે પાર્ટીના ગ્રાઉન્ડમાં શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા "હેપ્પી યુથ ક્લબ" દ્વારા કુડાસણ ખાતેની વિશેષ એજ્યુકેશન સેન્ટરના "વિશિષ્ટ" મનોદિવ્યાંગ બાળકો સાથે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી અંતર્ગત "વિશેષ"ના ૩૫ થી વધુ સ્પેશિયલ બાળકોએ પ્રાર્થના, ગીત, નૃત્ય તથા અન્ય સાંસ્કુતિક કૃતિઓના પર્ફોર્મન્સ પ્રસ્તુત કર્યા હતા. હેપ્પી યુથ ક્લબના સ્વયંસેવકોએ વિવિધ પ્રવૃતિઓ દ્વારા બાળકોને આનંદિત કર્યા હતા જેમાં કેટલાક સ્વયંસેવકોએ સાંતાક્લોઝ, જોકર તથા રંગલા જેવા પાત્રોની વેશભૂષા ધારણ કરી બાળકોને ચોકલેટ્સ ખવડાવી મનોરંજન કર્યું હતું. આ પ્રસંગે નિરમા યુનિવર્સિટીથી આવેલા હિલેરિયસ વર્લ્ડ ગ્રૂપના યુવાનો દ્વારા એક હાસ્યપ્રધાન શોર્ટ ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિશેષના ડાયરેક્ટર દીપાલીબેનનો જન્મદિવસ પણ હોવાથી કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી. વિશિષ્ટ બાળકો સાથે 'થર્ટી ફર્સ્ટ' ઉજવી તેમને 'હેપ્પી' કરવાનો યુવાનોનો આ પ્રેરક પ્રયાસ નવો ચીલો ચાતરશે.

"હેપ્પી થર્ટી ફર્સ્ટ" કાર્યક્રમમાં સાધના મેન્ટલી ચેલેંજડ ચાઈલ્ડ પેરેન્ટ્સ એસોસોએશનના ભાનુભાઈ, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા રેખાબેન પાણસણીયા, ચેરિટિ સુપ્રિટેન્ડન્ટ રણજીતસિંહ સોલંકી, કૃપાલભાઈ પંડ્યા, વિરેન્દ્રસિંહ અને સંદીપભાઈ મલ્હોત્રા, મનપાના કોર્પોરેટર પાયલબેન મેનાત, સ્પેશિયલ ખેલ મહાકુંભ, ગાંધીનગર જિલ્લાના ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ મેનેજર જિજ્ઞેશ રાવલ, જાણીતા નાટયકાર કુંતલ નિમાવત, હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલા, પ્રેરણા સ્કૂલના પ્રિન્સિપાલ મનીષભાઈ ખત્રી, વૃંદા ડ્રેસિસના મનીષાબેન ખત્રી, નંદનવન આશ્રમ શાળાના આચાર્ય યોગેશભાઈ દરજી, ગજાનન સેવા સમિતિના મિલિન્દભાઈ ગુપ્તે ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ એજ્યુકેશન દ્વારા મહેમાનોને તુલસીનો છોડ આપી તેમનો આદર સત્કાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિશેષ એજ્યુકેશનના સ્થાપક ચેરમેન અનુપભાઈ પરિખ, પ્રિન્સિપાલ ચિરાગભાઈ ઉપાધ્યાય, ડાયરેક્ટર દીપાલીબેન ઉપાધ્યાય તથા સંચાલક સમિતિના સભ્યો સપનભાઈ શાહ અને નાગજીભાઈ દેસાઈ, શિવ ઈવેન્ટના નિકુંજભાઈ મિસ્ત્રી, બ્લેક પોઝિશનના રાજભાઈ સોલંકી, સ્પાઈસી સ્ટ્રીટના પ્રિતેશભાઈ પટેલ ઉપરાંત હેપ્પી યૂથ ક્લબના કોશધ્યક્ષ ભાવના રામી સહિત સ્વયસેવકોએ હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન હેપ્પી યૂથ ક્લબના સ્વયંસેવક ઉન્નતિ પ્રિયદર્શીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા હેપ્પી યૂથ ક્લબના સ્વયંસેવકો અને વિશેષ એજયુકેશનના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના સમાપને બાળકોને ભોજન કરાવાયું હતું.

## જન્મદિને વધામણી



મુકેશ ભગત
મો. ૯૪૨૮૪ ૧૫૪૨૫



રેખાબેન આચાર્ય
લાયોનેસ ક્લબ



કૈરવી ચૌહાણ



ફેનિલ સમીર રામી
મો. ૯૯૨૪૪ ૪૬૬૪૫



પંચમ કુંતલ નિમાવત
મો. ૯૮૨૪૯ ૧૦૧૪૫



ફલક અર્પિત જોષી

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ ટેક્વોનડોમાં વિજયી





યુથ એન્ડ કલ્ચર ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત ટેક્વોનડો ઈવેન્ટ આણંદના વડતાલ ખાતે યોજવામાં આવી હતી. તેમાં ઓમકાર પરિવારનાં સ્વાતિ રમેશભાઈ ચૌધરીને ગોલ્ડ, સંદીપ રામદેવભાઈ જેપાલને સિલ્વર અને વિરાલી અમૃતભાઈ ચૌધરીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો હતો. શાળા પરિવાર વતી આ ત્રણેય વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાઈમરી શાળામાં 'વૈદિક ગણિત'ની ટેસ્ટ યોજાઈ



એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં વૈદિક ગણિતની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં ધોરણ-૬થી ૮ના ૯૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ'ને ઈન્ડિયા બુક ઑફ રેકર્ડ્સ એવૉર્ડ



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના કલોલ નગરના નિવાસી અને ગુજરાત ટેલીવિઝન પ્રાઈવેટ લિમીટેડ (જીટીપીએલ)ના એક કાર્યક્રમના નિર્માતા શૈલેષ પંડ્યા 'ભીનાશ'ને ઈન્ડિયા બુક ઑફ રેકર્ડ્સ-૨૦૧૮ એવૉર્ડ ફરીદાબાદ, હરિયાણા ખાતે એનાયત થતાં ભારતભરમાં ગુજરાત અને ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધ્યું છે.

જીટીપીએલ ચેનલના લોકપ્રિય કાર્યક્રમો પૈકી કાવ્યરસ તેમજ ખેડૂત અને ખેતી કાર્યક્રમ નિર્માણ માટે વ્યક્તિગત રીતે જે રેકર્ડ્સ ક્રિએટ થયા છે તેમાં 'મોસ્ટ રોલ્સ પ્લે ઈન કાવ્યરસ પ્રોગ્રામ' ૨૩ એપ્રિલ, ૨૦૧૮ના રોજ રેકર્ડ્સ બુકમાં આવ્યો. ને એ પછી 'મોસ્ટ રોલ્સ પ્લેડ ઈન એગ્રીકલ્ચર ટીવી એપિસોડ' ૧૨ જૂન, ૨૦૧૮ના રોજ રેકર્ડ્સ બૂકમાં નોંધાયો. બંને રેકર્ડ્સ ઈન્ડિયાના રિજનલ લેવલના છે, જેમાં કાવ્યરસ કાર્યક્રમના કુલ ૧૨૭ હપ્તાઓમાં તેમણે ગુજરાતભરના જાણીતા અને નવોદિત કવિઓનાં કાવ્યપઠન, કવિ મુલાકાત, નાટકીય રૂપાંતર, દસ્તાવેજી ફિલ્મ, સાહિત્યિક ચર્ચા જેવા વૈવિધ્ય-સભર કાર્યક્રમો તૈયાર કર્યા છે.

એ જ રીતે ખેતી અને ખેડૂત કાર્યક્રમના કુલ ૧૬૩ હપ્તામાં ૪૧ જેટલા નાટકીય અને ૧૨૨ ખેડૂતો સાથે સંવાદો અને વાર્તાલાપ દ્વારા ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન, ખેતીમાં નવા પ્રયોગોની જાણકારી, વૃક્ષોની ખેતી અને આયુર્વેદિક વનસ્પતિઓ અંગે બૃહદ જ્ઞાન પીરસ્યું હતું.

આ ઉપરાંત સ્વર સંગમ યાત્રા, કરીએ વાતો માબાપની, જેવા લાઈવ ડિબેટ ઓન મરીઝ તેમજ દિવાળી સ્પેશિયલ કાર્યક્રમો તૈયાર કરી સુંદર રજૂઆત કરી હતી. પોતાની આ સફળતા માટે તેઓ પોતાના પરિવાર અને જીટીપીએલની સમગ્ર ટીમ પ્રતિ કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરે છે.

લિમ્કા બુક ઑફ રેકર્ડ્સના આ એવૉર્ડ અગાઉ તેમને ખેડા જિલ્લા સદ્ભાવના એવૉર્ડ-૨૦૧૭, ઉમ્મીદ એવૉર્ડ-૨૦૧૮, મહેસાણા યુવા સાહિત્યકાર એવૉર્ડ-૨૦૧૮ તેમજ તપો ભૂમિ ભરૂચ સન્માન-૨૦૧૮ પ્રાપ્ત થઈ ચૂક્યાં છે.

ઉલ્લેખનીય છે કે શૈલેષ પંડ્યાનો કાવ્યસંગ્રહ 'નિખાલસ' ૨૦૧૨માં પ્રગટ થઈ ચૂક્યો છે અને હવે શબનમી ગુફતગૂ ઉર્દૂ ગઝલ સંગ્રહ ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ લોકાર્પિત થઈ રહ્યો છે.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

## શ્રી જે બી પ્રાથમિક શાળા દ્વારા વાલીઓ સાથે મીટીંગ ગોઠવાઈ

ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ધોરણ-૧ અને ૨ના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે શાળા પરિવારની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી અને બાળકના વિકાસ અંગે વિશદ ચર્ચા કરી હતી.

વાર્તાલાપમાં વિદ્યાર્થીઓના વાચન, લેખન અને ગણનના અભ્યાસમાં ઝડપથી સુધારો થાય તે માટે શિક્ષકો અને વાલીઓ સાથે તેમના અભિપ્રાયોની ચર્ચા કરવામાં આવી હતી.

શાળાના વિષયનિષ્ણાત શિક્ષકોએ તમામ વિષયોમાં કેવી રીતે તૈયારી કરવી, વિષયોના મહત્ત્વ વિશે અને પરીક્ષાલક્ષી તથા શિસ્ત,, નિયમિતતા, સારા સંસ્કારોનું ઘડતર થાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. બાળકોએ કાલી-ઘેલી ભાષામાં બોધ આપતા સુંદર સંવાદો, નાટકો રજૂ કર્યા હતા. વાલીઓએ પણ શાળાના શિક્ષણ અને પ્રવૃત્તિો અંગે અભિપ્રાય રજૂ કર્યા હતા.

આચાર્ય નીવાબેન પટેલ અને શિક્ષકો દ્વારા બાળકોનું જીવન પૂર્ણતા, શાંતિ અને સુખ તરફ વળે, પ્રેરણાબળ મળે તે માટે તથા બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન સહસંસ્થાની માહિતી આપવામાં આવી હતી.

## એસ. કે. પટેલ સ્કૂલમાં "કેપ ડે"ની ઉજવણી કરાઈ




સર્વ વિધ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલમાં કેપ ડે ઉજવાયો. જેમાં બાળકો અવનવી કેપ પહેરીને આવ્યા હતા. જેમાં બાળકોએ અને શિક્ષિકાઓએ ખુબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.અવનવી કેપ ઉપર લખેલ લખાણ ઉપરથી ઘણા સારા સંદેશ મળતા હતા.સ્કૂલ ના પ્રિન્સિપાલ દિપાલી જોશી એ વાલીઓનો આવો ઉત્સાહ જોઈને તેમનો આભાર માન્યો હતો.

## બાપુના પાવન પ્રસંગો

॥ બીજો મણકો ॥

હવે એનું પ્રાયશ્ચિત્ત એ જ કે, તું બધો સામાન અહીં ખસેડી લે અને આગળનું સ્ટેશન આવે ત્યારે સ્ટેશન-માસ્તરને મારી પાસે બોલાવજે."

હું તો થરથર કાંપતી હતી. સામાન તો ખસેડ્યો, પણ અમને બાપુજીની ચિંતા થતી હતી કે હવે કેમ થશે?વળી ટ્રેનમાં લખવાનું, વાંચવાનું, માટી લેવાનું, કાંતવાનું, મને ભણાવવાનું વગેરે બધું જ કામ !જેટલું ઘરમાં બેઠાં કરવાનું રહે તેટલું જ ટ્રેનમાં મુસાફરીમાં પણ ચાલુ રહે !



અંતે સ્ટેશન આવ્યું. સ્ટેશન-માસ્તરને બોલાવ્યા. બાપુજીએ એને મારું પરાક્રમ કહ્યું કે, "આ છોકરી મારી પૌત્રી છે, પણ બિચારી ભોળી ભલી છે. હજુ મને કદાચ સમજી નહીં હોય, તેથી જ આ બે ખાનાં પસંદ કર્યાં.એમાં એનો દોષ નથી. દોષ મારો જ. મારી કેળવણી એટલી અધૂરી હશે ને? હવે મારે અને એણે બંની પ્રાયશ્ચિત્ત કરવું રહ્યું. એટલે આ ખાનું ખાલી કરી નાખ્યું છે. તેનો ઉપયોગ તમે વધારાના પૅસેંજર લટકે છે તેને માટે કરો; તો જ મારું દુઃખ હળવું થશે."

સ્ટેશન-માસ્તરે ઘણી આજીજી કરી,પણ બાપુજી ક્યાં માને તેવા હતા? સ્ટેશન-માસ્તરે ત્યાં સુધી કહ્યું કે, "હું એ લોકો માટે બીજો ડબ્બો જોડાવી લઉં."

બાપુએ કહ્યું:'બીજો ડબ્બો તો જોડવો જ જોઈએ, પણ આનો ઉપયોગ કરી લો. જે ન જોઈતું હોય છતાં વધારે મળે છે તે વાપરવું, તેમાં હિંસા છે. મળતી સગવડનો દુરુપયોગ કરાવી આ છોકરીને તમે બગાડવા માગો છો?" બિચારા સ્ટેશન-માસ્તર ઝંખવાણા પડી ગયા અને અંતે બાપુજીનું કહેવું માનવું પડ્યું.

૪) નાની નાની બાબતો

એક દિવસ ચંપારણથી બાપુનો પત્ર આવ્યો. અમારો આશ્રમ તે વખતે કોચરબમાં ભાડાના બંગલામાં હતો. પત્રમાં લખ્યું હતું:

"હવે ત્યાં વરસાદ શરૂ થયો હશે, નહીં થયો હોય તો થશે. હવાની દિશા હવે બદલાઈ જશે. એટલે આજ સુધી જે ખાડાઓમાં પાયખાનાના ડબા ખાલી કરતા તેમાં ન કરવા. નહીં તો એ દિશામાંથી દુર્ગંધ આવવાનો સંભવ છે. એટલે જૂના ખાડા પૂરી દઈને અમુક જગ્યાએ નવા ખાડા ખોદવા."

આ પત્રની મારા મન પર ઊંડી અસર થઈ. બાપુ ચંપારણમાં તપાસનું કામ કરે છે, છતાં આશ્રમની આવી નાની નાની બાબતોની પણ કાળજી રાખે છે !'જે માણસ નાની નાની વિગતોનો વિચાર કરીને તેનો ઉપાય તૈયાર રાખે છે તે જ યુધ્ધમાં વિજયી થાય છે.' એ મતલબનાં નેપોલિયનનાં વચનો મને યાદ આવ્યાં.

૫) ગાંધીજી અને બાળકો

ગાંધીજીનું જીવન બાળકોના જેવું નિર્દોષ, સાદું અને નિષ્પાપ હતું. બાળકોની વચ્ચે તેઓ બેઠા હોય કે તેમની સાથે ફરતા હોય ત્યારે તેઓ મહાત્મા છે એવું કોઈને લાગતું પણ ન હતું. રાષ્ટ્ર અને દુનિયાના જટિલ સવાલોનો બોજો તેમના શિરે હંમેશાં રહેતો છતાં બાળકોની હાજરીમાં તેઓ આનંદી અને હસમુખા જ જણાતા હતા. સંધ્યાસમયે ફરવા જવાનો ગાંધીજીનો ખાસ નિયમ હતો. તે વેળા બાળકો સાથે ગમ્મત કરવાની તક ગાંધીજી જવા દેતા નહીં.

હંમેશા મુજબ ગાંધીજી એક વાર સાંજે ફરવા નીકળ્યા હતા. તેમની સાથે એક સ્ત્રી પોતાનું નાનું બાળક હાથમાં લઈને ફરતી હતી. સાથે તેનો બીજો બાળક પણ પાછળ પાછળ ચાલતો હતો. ચાલતાં ચાલતાં પેલી સ્ત્રીના હાથમાંનું બાળક રડવા લાગ્યું. તેને છાનું રાખવા પેલી સ્ત્રીએ માતાની બધી કળા અજમાવી પણ બાળક રડતું બંધ થયું નહીં ! એટલે ગાંધીજીનું ધ્યાન તે તરફ ગયું. બીજા એક અંતેવાસીને પોતાની લાકડી સોંપી ગાંધીજીએ માતા પાસેથી બાળક પોતાના હાથમાં લઈ લીધું. બાળકના મૃદુ ગાલ પર ગાંધીજીએ વહાલથી પોતાનો હાથ ફેરવ્યો અને પ્રેમભરી આંખે બાળક તરફ જોઈ હસવા લાગ્યા. બાળક શાંત થયું અને ગાંધીજીના વાત્સલ્યનો જાણે જવાબ આપતું હોય તેમ સ્નેહનીતરતી ગાંધીજીની આંખો તરફ જોઈને હસવા લાગ્યું. માતૃત્વનો આવો ગુણ જોઈ પેલી સ્ત્રી ગાંધીજી તરફ આશ્ચર્યમુગ્ધ થઈને જોઈ રહી હતી ત્યાં પાછળ ચાલતો બીજો બાળક ગાંધીજી પાસે દોડી આવ્યો અને ગાંધીજીનો એક હાથ પકડી ફૂલો હતાં ત્યાં ખેંચી ગયો. ફૂલોની નજીક જઈને તે બાળક બોલ્યો : 'બાપુ ! આ કેવાં સુંદર ફૂલો છે !'

ગાંધીજી : 'હા, ઘણાં જ સુંદર ફૂલો છે.'

એટલામાં ત્યાંથી પસાર થતા એક કૂતરા તરફ બાળકનું ધ્યાન ગયું. તેને જોઈ તે બોલી ઊઠ્યો : 'બાપુ ! પેલો કૂતરો જાય છે.'

ગાંધીજી : 'હા, એ કૂતરાને જોયો.'

બાળક (કુતૂહલથી) : 'બાપુ ! એને પૂંછડી પણ છે !'

ગાંધીજી : 'હેં હેં ! એને પૂંછડી પણ છે ? તને પૂંછડી છે કે ?'

ગાંધીજીના અજ્ઞાન પ્રત્યે જાણે હસતો હોય તેમ બાળક બોલ્યો : 'બાપુ ! તમે તો ઘણા મોટા થયા છો અને એટલું પણ નથી સમજતા કે માણસને પૂંછડી હોતી નથી ! તમે તો કંઈ જ જાણતા નથી.'

ગાંધીજી વિશેનો બાળકનો અભિપ્રાય સાંભળી આખી મંડળી હસી પડી.

